Email : navgamsamaj@gmail.com

॥ શ્રી સિધ્ધાંબિકાય નમઃ ॥

# શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ

ટ્રસ્ટ રજી. નં. A-855 / પાટણ (1-2-2005) ❋ IT PAN : AAFTS4157B

B-૧૬, મારૂતિ કોમ્પલેક્ષ, સિધ્ધરાજ જયસિંહ રોડ, સિધ્ધપુર - ૩૮૪ ૧૫૧ ફોન : 02767-220770

તા.: ૦૧-૦૩-૨૦૧૬

# નવગામ સુરક્ષા સ્કીમ (NSS)

(૧) આ યોજનાનું નામ નવગામ સુરક્ષા સ્કીમ (NSS) રહેશે.

(૨) આ યોજના તા. ૦૧-૦૪-૨૦૧૬ થી શરૂ થયેલ ગણાશે, અને ત્યારબાદ પ્રત્યેક વર્ષ ૦૧-એપ્રિલથી ૩૧ માર્ચનું ગણાશે.

(૩) **સભ્યપદ થવા માટેની લાયકાત :-**

(A) નવગામ જ્ઞાતિના ભારતમાં કે પરદેશમાં વસતાં હોય તેવા તા. ૦૧-૦૧-૨૦૧૬ ના રોજ ૧૦ વર્ષ પૂર્ણ થયેલ હોય તેવા બાળક - સ્ત્રી - પુરૂષ તથા ઉપરોક્ત તારીખે ૬૦ વર્ષ પૂર્ણ ન થયેલ હોય, તેવા સ્ત્રી - પુરૂષ સભ્ય થઈ શકશે.

(B) આ યોજનામાં નવગામ જ્ઞાતિ બહાર પરણાવેલ બેન - દિકરીઓ તથા જમાઈ ઉપરોક્ત વય મર્યાદામાં સભ્ય થઈ શકશે.

(C) અગાઉની સામાજીક સુરક્ષા યોજનામાં નોંધાયેલ આજીવન સભ્ય આપોઆપ સભ્ય થયેલ ગણાશે, માત્ર તેમણે આ યોજનાનું નવિન ફોર્મ ભરવું પડશે, તેમને તા. ૩૧-૦૩-૧૬ સુધીમાં સભ્ય થવા માટે ઉપરોક્ત વય મર્યાદા લાગુ પડશે નહીં.

(D) અગાઉની સામાજીક સુરક્ષા યોજનામાં નોંધાયેલ ૬૦ વર્ષથી વધુ ઉંમરના વાર્ષિક સભ્યો જેમણે તા. ૩૧-૦૩-૨૦૧૬ સુધીના ફાળાની રકમ પુરેપુરી ભરેલ છે, તેઓ સભ્ય થઈ શકશે, અને તેમને તા. ૩૧-૦૩-૨૦૧૬ સુધીમાં સભ્ય થવા માટે ઉપરોક્ત વય મર્યાદા લાગુ પડશે નહીં.

(E) અગાઉની સામાજીક સુરક્ષા યોજનામાં નોંધાયેલ ૬૦ વર્ષથી વધુ ઉંમરના વાર્ષિક સભ્યો, જેમણે છેલ્લા કેટલાક વર્ષ દરમ્યાનની વાર્ષિક સભ્ય ફી કોઈપણ કારણસર ભરેલ નથી, તેઓ જો જ્ઞાતિ સમાજના રેકોર્ડ મુજબની બાકી નીકળતી વાર્ષિક ફીની રકમ ભરવા તૈયાર હશે, તો તેઓ નવિન સભ્ય તરીકેનું ફોર્મ ભરીને સભ્ય બની શકશે, તેમને તા. ૩૧-૦૩-૨૦૧૬ સુધીમાં સભ્ય થવા માટે ઉપરોક્ત વય મર્યાદા લાગુ પડશે નહીં. અને તેમણે પોતાના કુટુંબમાંથી ૧૦ વર્ષથી વધુ ઉંમરના ઓછામાં ઓછા બે નવિન સભ્યો બનાવવાના રહેશે, અને આવા બે નવિન સભ્યો જ્યાં સુધી આ સ્કીમમાં સભ્ય હશે ત્યાં સુધીજ ઉપરોક્ત સભ્યનું સભ્યપદ માન્ય ગણાશે.

(F) આ યોજનામાં નવગામ જ્ઞાતિના ૫૫ વર્ષ કે તેથી વધુ પરંતુ ૬૦ વર્ષ સુધીની વય ધરાવનાર નવિન સભ્યે, પોતાના કુટુંબમાંથી ૧૦ વર્ષથી વધુ ઉંમરના ઓછામાં ઓછા બે નવિન સભ્યો બનાવવાના રહેશે, અને આવા બે નવિન સભ્યો જ્યાં સુધી આ સ્કીમમાં સભ્ય હશે ત્યાં સુધીજ ઉપરોક્ત સભ્યનું સભ્યપદ માન્ય ગણાશે.

(૪) **સભ્યપદ માટેની ફી - રકમ :-**

(A) આ યોજનામાં તા. ૩૧-૦૩-૨૦૧૬ સુધીમાં સભ્ય થનારે સભ્યપદ માટેના ફોર્મની સાથે નીચે દર્શાવેલ રજીસ્ટ્રેશન ફી, સભ્ય ફી, એડવાન્સ ડેથ ફંડ કોન્ટ્રીબ્યુશન (ADFC) ની રકમ સાથે ફોર્મમાં દર્શાવેલ આવશ્યક પૂરાવા આપવાના રહેશે.

| ક્રમ | ઉંમર | રજી. ફી | સભ્ય ફી | ADFC રકમ | કુલ રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રવેશ વખતે ૧૦ વર્ષથી ૩૦ વર્ષ | ૧૦૦/- | ૫૦૦/- | ૧૦૦૦/- | ૧૬૦૦/- |
| ૨. | પ્રવેશ વખતે ૩૧ વર્ષથી ૪૦ વર્ષ | ૧૦૦/- | ૫૦૦/- | ૧૦૦૦/- | ૧૬૦૦/- |
| ૩. | પ્રવેશ વખતે ૪૧ વર્ષથી ૫૦ વર્ષ | ૧૦૦/- | ૫૦૦/- | ૧૦૦૦/- | ૧૬૦૦/- |
| ૪. | પ્રવેશ વખતે ૫૧ વર્ષથી ૬૦ વર્ષ | ૧૦૦/- | ૫૦૦/- | ૧૦૦૦/- | ૧૬૦૦/- |

(B) અગાઉની સામાજીક સુરક્ષા યોજનાના આજીવન સભ્ય કે વાર્ષિક સભ્યે ઉપરોક્ત રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે નહીં.

(C) અગાઉની સામાજીક સુરક્ષા યોજનાના વાર્ષિક સભ્યે કે નવિન સભ્યે ઉપરોક્ત રકમ તા. ૩૧-૦૩-૨૦૧૬ સુધીમાં ફોર્મ સાથે સભ્યદીઠ અલગ ચેકથી જ્ઞાતિમાં જમા કરાવવાના રહેશે.

(D) ઉપરોક્ત ફીની કુલ રકમ તા. ૩૧-૦૩-૨૦૧૬ સુધીમાં સભ્ય થનાર માટે જ લાગુ રહેશે, અને આ તમામ સભ્યોને "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" નો લાભ તા. ૦૧-૦૪-૨૦૧૬ બાદ મળી શકશે.

(E) તા. ૦૧-૦૪-૨૦૧૬ બાદ, થનાર નવિન સભ્ય માટે નીચે દર્શાવેલ રજીસ્ટ્રેશન ફી, સભ્ય ફી, એડવાન્સ ડેથ ફંડ કોન્ટ્રીબ્યુશન (ADFC) રકમ તા. ૦૧-૧૧-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ દરમ્યાન જ ભરવાની રહેશે, અને "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" નો તેમના માટેનો લાભ - રીસ્ક કવરેજ તા. ૦૧-૦૪-૨૦૧૭ થી અમલી બનશે.

| ક્રમ | ઉંમર | રજી. ફી | ADFC રકમ | વર્ષ ૨૦૧૭ માટે સભ્ય ફી | વર્ષ ૨૦૧૭ માટે કુલ રકમ | વર્ષ ૨૦૧૮ માટે સભ્ય ફી | વર્ષ ૨૦૧૮ માટે કુલ રકમ | વર્ષ ૨૦૧૯ માટે સભ્ય ફી | વર્ષ ૨૦૧૯ માટે કુલ રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦ વર્ષથી ૩૦ વર્ષ | ૧૦૦/- | ૧૦૦૦/- | ૫૦૦/- | ૧૬૦૦/- | ૫૦૦/- | ૧૬૦૦/- | ૫૦૦/- | ૧૬૦૦/- |
| ૨ | ૩૧ વર્ષથી ૪૦ વર્ષ | ૧૦૦/- | ૧૦૦૦/- | ૧૦૦૦/- | ૨૧૦૦/- | ૨૦૦૦/- | ૩૧૦૦/- | ૩૦૦૦/- | ૪૧૦૦/- |
| ૩ | ૪૧ વર્ષથી ૫૦ વર્ષ | ૧૦૦/- | ૧૦૦૦/- | ૨૦૦૦/- | ૩૧૦૦/- | ૪૦૦૦/- | ૫૧૦૦/- | ૬૦૦૦/- | ૭૧૦૦/- |
| ૪ | ૫૧ વર્ષથી ૬૦ વર્ષ | ૧૦૦/- | ૧૦૦૦/- | ૪૦૦૦/- | ૫૧૦૦/- | ૮૦૦૦/- | ૯૧૦૦/- | ૧૦૦૦૦/- | ૧૧૧૦૦/- |

*પ્રતિવર્ષ ૦૧ નવેમ્બરથી ૩૧ ડિસેમ્બર દરમ્યાન આ યોજનામાં સભ્યોની નોંધણી કરવામાં આવશે. ઉપરોક્ત સભ્યફીની રકમમાં ત્યારબાદ પ્રત્યેક વર્ષે જ્ઞાતિના આ યોજના માટેનાં ભંડોળની યોગ્ય સમીક્ષા બાદ, ઉત્તરોત્તર ફેરફાર કરવામાં આવશે.*

**(૫) "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" હેઠળ રીસ્ક કવરેજ :-**

(A) *પ્રથમ વર્ષ : આ સ્કીમ હેઠળ તા. ૩૧-૦૩-૨૦૧૬ સુધીમાં સભ્ય થનારનું રીસ્કકવરેજ તા. ૦૧-૦૪-૨૦૧૬ થી શરૂ થશે.*

(B) *દ્વિતિય વર્ષ : આ સ્કીમ હેઠળ દ્વિતિય વર્ષ એટલે કે તા. ૦૧-૧૧-૨૦૧૬ થી ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં સભ્ય થનારનું રીસ્કકવરેજ તા. ૦૧-૦૪-૨૦૧૭ થી શરૂ થશે, ત્યાર બાદ પ્રત્યેક વર્ષે ઉપરોક્ત તારીખો પ્રમાણેજ રીસ્ક કવરેજ માન્ય ગણાશે.*

(C) *નવા સભ્યનું રીસ્ક કવર (જોખમ શરૂ) થાય તે પહેલા જે તે સભ્યનું અવસાન થશે તો તે માટે જ્ઞાતિ તરફથી કોઈ જ રકમ "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" હેઠળ ચુકવવામાં આવશે નહીં.*

**(૬) "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" સર્ટીફીકેટ્સ :-**

*આ યોજના હેઠળ સભ્ય થનારને જ્ઞાતિ દ્વારા "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" સર્ટીફીકેટ્સ આપવામાં આવશે. સભ્યના અવસાન બાદ (NSS) ક્લેઈમની રકમ મેળવવા માટે આ સર્ટીફીકેટ્સ નોંધાયેલ પ્રથમ નોમીનીએ પરત કરવાનું રહેશે.*

**(૭) યોજનાના સભ્યને મળતી "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" રકમ :-**

(A) *આ યોજના હેઠળ સભ્ય થનાર પૈકી તા. ૦૧-૦૪-૨૦૧૬ બાદ અવસાન પામેલ સભ્યના નિયુક્ત પ્રથમ નોમીનીને "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" માં નીચે મુજબની રકમ ચૂકવવામાં આવશે.*

**યોજનામાં નોંધાયેલ સભ્યો X સભ્યદીઠ રકમ રૂા. ૨૫૦/- = કુલ રકમ,**

**બાદ : NSS ફંડ ૧૦% રકમ કાપીને થતી બાકીની રકમ = ચુકવવાની રકમ**

(B) *જ્ઞાતિ સમાજ દ્વારા સભ્યો માટે ગૃપ એક્સીડન્ટ પોલીસી અલગથી વિમા કંપની પાસેથી લેવામાં આવેલ હશે, અને જો કોઈ સભ્યનું એક્સીડન્ટથી મૃત્યુ થયેલ હશે, તો વિમા કંપની તરફથી એક્સીડન્ટ ક્લેઈમની મળેલ રકમમાંથી ૭૫% રકમ મૃત્યુ પામેલ સભ્યના નોમીનીને અલગથી ચૂકવવામાં આવશે, અને બાકીની ૨૫% રકમ જ્ઞાતિના ફંડમાં જમા લેવામાં આવશે, જે અંગેનો જ્ઞાતિની આ માટેની કમીટીએ લીધેલ નિર્ણય સર્વેને બંધનકર્તા રહેશે.*

**(૮) પ્રત્યેક વર્ષે ડેથ ફંડ કોન્ટ્રીબ્યુશન (DFC) હેઠળ ભરવા પાત્ર રકમ :-**

(A) *આ યોજના હેઠળ પ્રથમ વર્ષ એટલે તા. ૦૧-૦૪-૨૦૧૬ થી તા. ૩૧-૦૩-૨૦૧૭ દરમ્યાન અવસાન પામેલ સભ્યોની સંખ્યા X અવસાન પામેલ સભ્ય દીઠ રૂા. ૨૫૦/- લેખેની કુલ રકમ, એટલે કે આ વર્ષ દરમ્યાન અવસાન પામેલ ૪ સભ્યો માટેની DFC ફાળાની રકમ ૪ X ૨૫૦/- લેખે કુલ રૂા. ૧૦૦૦/- તા. ૦૧-૦૪-૨૦૧૭ થી તા. ૩૧-૦૫-૨૦૧૭ દરમ્યાન દરેક સભ્યે ભરવાની રહેશે.*

(B) *ઉપરોક્ત તારીખ બાદ, વધુમાં વધુ ૧ માસ દરમ્યાન એટલે કે તા. ૩૦-૦૬-૨૦૧૭ સુધીમાં DFC ફાળાની રકમ + રૂા. ૩૦૦/- લેટ ફી તરીકે ભરવાની રહેશે.*

(C) *તા. ૩૦-૬-૨૦૧૭ સુધીમાં DFC ની રકમ નહીં ભરનાર સભ્યનું આપોઆપ સભ્યપદ રદ થયેલ ગણાશે, અને તેને "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" હેઠળની રકમનો લાભ મળશે નહીં. ત્યારબાદ પ્રત્યેક વર્ષે ઉપર મુજબની તારીખ અમલમાં ગણવાની રહેશે.*

(D) *સમયસર DFC ની રકમ નહીં ભરનાર સભ્યનું નામ રદ થયેથી, તેણે અગાઉ ભરેલ કોઈપણ રકમ પરત કે મજરે આપવામાં આવશે નહીં, અને તેણે નવેસરથી સભ્ય થવા માટે જે તે વર્ષ દરમ્યાન નિયત કરાયેલ રજીસ્ટ્રેશન ફી + સભ્ય ફી + ADFC ની રકમ નિયત સમયે ભરવાની રહેશે.*

(E) *DFC હેઠળની ભરવાપાત્ર રકમ પ્રત્યેક નાણાકીય વર્ષના પ્રથમ સપ્તાહમાં એટલે એપ્રિલ માસના પ્રથમ સપ્તાહમાં પત્ર, ઈમેલ, એસ.એમ.એસ., વોટ્સઅપ, જ્ઞાતિની મોબાઈલ એપ મારફતે કમીટી દ્વારા સભ્યને જાણ કરવામાં આવશે.*

(F) *પોતાનું સભ્યપદ ટકાવી રાખવા માટે, DFC હેઠળની રકમ સભ્યે જાતે જ જ્ઞાતિ દ્વારા ખોલાવાયેલ બેંકના ખાતામાં ડાયરેક્ટ અગર, જ્ઞાતિ દ્વારા જણાવાયેલ જ્ઞાતિ સભ્યને ચેક - ડ્રાફ્ટ દ્વારા પહોંચાડીને, તેની પાવતી અચૂક મેળવી લેવાની રહેશે અને તે માટે તેની અંગત જવાબદારી રહેશે.*

(G) *અગાઉની સામાજીક સુરક્ષા યોજનાના આજીવન સભ્યોએ શરૂઆતના અમુક વર્ષ સુધી, DFC ફાળાની રકમ ભરવાની રહેશે નહીં, પરંતુ તેમણે અગાઉ ભરેલ આજીવન સભ્યપદની રકમમાંથી પ્રત્યેક વર્ષની DFC ફાળાની રકમ મજરે લેવામાં આવશે, અને આ રકમની કપાત બાદ જે વર્ષે આજીવન સભ્યપદની રકમ પૂર્ણ થશે તે વર્ષે તેમણે માત્ર તફાવતની રકમ ભરવાની રહેશે. અને ત્યારબાદ પ્રત્યેક વર્ષે DFC ફાળાની રકમ અન્ય સભ્યોની જેમ નિયમિત ભરવાની રહેશે.*

(૯) **"નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" હેઠળ ક્લેઈમની પ્રક્રિયા :-**

આ યોજના હેઠળ, નોંધાયેલ સભ્યના અવસાન બાદ, "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" હેઠળ ક્લેઈમ નોંધાવવા માટેની પ્રક્રિયામાં નીચે મુજબ રહેશે.

(A) ઓરીજીનલ "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" સર્ટીફીકેટ, મરણ અંગેનું ઓરીજીનલ ડેથ સર્ટીફીકેટસ, "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" ક્લેઈમ ફોર્મ ની પાછળ રૂા. ૧/- ની રેવન્યુ સ્ટેમ્પ લગાવીને, પ્રથમ નોમીની સહી કરાવીને, તથા સાક્ષી તરીકે કુટુંબ સિવાયના, NSS ના કોઈપણ સભ્યની સહી કરાવીને મોકલવાનું રહેશે.

(B) પ્રથમ નોમીનીના બેંક એકાઉન્ટની વિગત જો ક્લેઈમ ફોર્મમાં દર્શાવેલ હશે તો તેમને જ્ઞાતિ દ્વારા ડાયરેક્ટ, બેંક ખાતામાં જમા આપવામાં આવશે, અગર જ્ઞાતિની અનુકુળતા મુજબ "એકાઉન્ટ પેયી" ચેક અગર ડ્રાફ્ટથી ચૂકવવામાં આવશે.

(C) "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" ક્લેઈમ ફોર્મ, ઓરીજીનલ NSS સર્ટીફીકેટ તથા તેના આવશ્યક પૂરાવા જ્ઞાતિમાં જમા કરાવ્યા બાદ, ૩૦ થી ૪૫ દિવસની અંદર જ્ઞાતિ દ્વારા NSS રકમ ચૂકવવામાં આવશે.

(૧૦) **"નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" ના વહીવટ બાબત :-**

(A) "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" કમીટી દ્વારા વહીવટ :-

(૧) જ્ઞાતિની તા. ૦૩-૦૧-૨૦૧૬ની સામાન્ય સભામાં "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" યોજના મંજુર થયેલ છે, તે મુજબ આ યોજનાનો વહીવટ ૧૦ (દસ) વર્ષની મુદત માટેની, સ્વાયત્ત બોડી "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" કમીટી દ્વારા જ કરવામાં આવશે.

(૨) આ કમીટીમાં ઓછામાં ઓછા ત્રણ (૩) અને વધુમાં વધુ સાત (૭) સભ્યો રહેશે.

(૩) આ કમીટીમાં જ્ઞાતિના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, ખજાનચીશ્રી પોતાના હોદ્દાની રૂએ મુદત સુધી આમંત્રિત સભ્ય ગણાશે.

(૪) આ કમીટીમાં સભ્યો પોતાનામાંથી એકની કમીટી કન્વીનર અને અન્યની સહકન્વીનર તરીકે નિમણુંક કરી શકશે.

(૫) આ કમીટીની પ્રથમ નિમણૂંક તા. ૦૩-૦૧-૨૦૧૬ની સામાન્ય સભામાં કરવામાં આવેલ છે, જેમાં નીચેના સભ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી રજનીકાંત વ્રજલાલ પરીખ | - | સિધ્ધપુર |
| ૨. | શ્રી શૈલેષભાઇ ચીમનલાલ શાહ | - | અમદાવાદ |
| ૩ | શ્રી કમલેશભાઇ દશરથલાલ પરીખ | - | અમદાવાદ |
| ૪. | શ્રી સમીરભાઇ નવિનચંદ્ર ગાંધી | - | મહેસાણા |
| ૫. | શ્રી ધર્મેશભાઇ ગોવિંદલાલ શાહ | - | અમદાવાદ |
| ૬. | શ્રી ભગવાનભાઇ મણીલાલ શાહ | - | સિધ્ધપુર |
| ૭. | શ્રી રાજેન્દ્રભાઇ માણેકલાલ શાહ | - | મુંબઇ |

(૬) આ કમીટીમાં સ્વૈચ્છિક નિવૃત્ત થનાર કે મૃત્યુ પામેલ સભ્યના બદલે બાકી સમયની મુદત માટે નવા સભ્યની નિમણૂંક જ્ઞાતિના ટ્રસ્ટી મંડળની સભામાં કરી શકાશે.

(૭) આ કમીટીની દસ (૧૦) વર્ષની મુદત પતી ગયા બાદ, નવિન કમીટીની નિમણૂંક સામાન્ય સભામાં કરાશે.

(B) "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" અંતર્ગત સભ્ય પાસેથી મેળવવાની રકમ, જેવીકે રજીસ્ટ્રેશન ફી, સભ્ય ફી, ADFC ની રકમ, DFC ની રકમમાં સમયસંજોગો અનુસાર આવશ્યક સુધારા - વધારા કરવાની સંપૂર્ણ સત્તા આ કમીટી હસ્તક રહેશે, અને જે તે સમયે તે અંગેની જાણ સભ્યોને કરવામાં આવશે.

(C) "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" ના અલગ વહીવટી માળખા માટે જ્ઞાતિના નામે જ નેશનલાઈઝડ બેંકમાં અલગથી ખાતુ ખોલાવવાનું રહેશે, જેનો સંપૂર્ણ વહીવટ, જ્ઞાતિના ટ્રસ્ટી મંડળ દ્વારા જ કરવામાં આવશે.

(D) "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" અંતર્ગત સભ્યો પાસેથી મેળવાયેલ રજીસ્ટ્રેશન ફી, સભ્ય ફી અને અવસાન પામેલ સભ્ય પાસેથી આવેલ ૧૦% કોપર્સ ફંડની રકમનો ઉપયોગ આ યોજનાના અલગ વહીવટી માળખા માટે કરી શકાશે.

(E) "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" ફંડમાં એકત્રિત થયેલ રકમ - ભંડોળનું રોકાણ અલગ બેંક ફીકસ્ડ ડીપોઝીટમાં કરવામાં આવશે અને તેના વ્યાજની આવક અલગથી નોંધીને, આ માટેના વહીવટી ખર્ચની રકમ તેની સામે બાદ કરીને, વધેલ રકમ જે તે વર્ષના "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" ફંડમાં જમા ગણવામાં આવશે.

(F) "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" ફંડની રકમ જ્ઞાતિ સમાજનાં હિસાબોમાં અલગથી દર્શાવવામાં આવશે.

(G) "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" ના હેઠળ નોંધાયેલ સભ્યોની જોઈન્ટ એક્સીડેન્ટ પોલીસી અલગથી વિમા કંપની પાસેથી લેવામાં આવશે, જેનું પ્રીમીયમ વહીવટી ખર્ચ તરીકે ગણવામાં આવશે.

(૧૧) "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" માં ફેરફાર બાબત :-

''નવગામ સુરક્ષા સ્કીમ (NSS)'' માં વહીવટી નીતિ નિયમો સ્વાયત્ત કમીટી નક્કી કરી શકશે. આ નીતિ નિયમો દરેક સભ્યને લાગુ પડશે, અને તેનો અમલ નહીં કરનાર સભ્યનું સભ્યપદ આ કમીટી રદ કરી શકશે. આ યોજનામાં ભવિષ્યમાં કોઈપણ નિતિવિષયક ફેરફારો માટેના નિર્ણયો ટ્રસ્ટીમંડળમાં હાજર સભ્યોની ૨/૩ બહુમતીથી જ મંજૂરી મેળવીને કરી શકાશે.

''નવગામ સુરક્ષા સ્કીમ (NSS)'' કમીટીની મળેલ પ્રથમ સભામાં નીચે મુજબ કન્વીનર-સહકન્વીનરની નિમણૂંક કરવામાં આવેલ છે. આ સ્કીમ અંગેની કોઈપણ મુંઝવણ-માહિતી અંગે કમીટીના સભ્યો અગર હોદ્દેદારોનો સંપર્ક કરવા નમ્ર વિનંતી છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી રજનીકાંત વ્રજલાલ પરીખ | - મેનેજીંગ ટ્રસ્ટી | સિધ્ધપુર |
| ૨. | શ્રી શૈલેષભાઇ ચીમનલાલ શાહ | - NSS ટીમ કન્વીનર | અમદાવાદ |
| ૩ | શ્રી કમલેશભાઇ દશરથલાલ પરીખ | - NSS ટીમ સહકન્વીનર | અમદાવાદ |
| ૪. | શ્રી સમીરભાઇ નવિનચંદ્ર ગાંધી | - NSS ટીમ સભ્ય | મહેસાણા |
| ૫. | શ્રી ધર્મેશભાઇ ગોવિંદલાલ શાહ | - NSS ટીમ સભ્ય | અમદાવાદ |
| ૬. | શ્રી ભગવાનભાઇ મણીલાલ શાહ | - NSS ટીમ સભ્ય | સિધ્ધપુર |
| ૭. | શ્રી રાજેન્દ્રભાઇ માણેકલાલ શાહ | - NSS ટીમ સભ્ય | મુંબઇ |
| ૮. | શ્રી નરેન્દ્રભાઇ પ્રહેલાદજી શાહ | - NSS ટીમ સભ્ય - હોદ્દાની રૂએ પ્રમુખશ્રી | અમદાવાદ |
| ૯. | શ્રી શૈલેષભાઇ હીરાલાલ શાહ | - NSS ટીમ સભ્ય - હોદ્દાની રૂએ મંત્રીશ્રી | અમદાવાદ |
| ૧૦. | શ્રી કીરીટભાઇ રમણલાલ શાહ | - NSS ટીમ સભ્ય - હોદ્દાની રૂએ ખજાનચીશ્રી | અમદાવાદ |

**નવગામ સુરક્ષા સ્કીમ (NSS) ★ બેંક એકાઉન્ટ વિગત**

## શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ

**દેના બેંક, સિધ્ધપુર શાખા, સિધ્ધપુર.**

**સેવિંગ્ઝ એકાઉન્ટ નંબર : 005710050941**

**RTGS / IFSC Code : BKDN0150057**

ઉપરોક્ત બેંક એકાઉન્ટમાં ભરાવેલ રકમની અસલ સ્લીપ અગર RTGS / NEFT દ્વારા ભરાવેલ રકમની પ્રિન્ટ નકલ જ્ઞાતિમાં જમા કરાવેથી તેની રકમ સભ્યના ખાતામાં જમા આપવામાં આવશે, અને તેની પાવતી આપવામાં આવશે.

## "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" શા માટે ?

**આપણા મૃત્યુ બાદ આપણા પોતાના પરિવારને અને જ્ઞાતિબંધુના મૃત્યુ બાદ તેના પરિવારને સબળ, સક્ષમ, સ્વાવલંબી અને ખમીરવંતો રાખવાનો કરેલ છે નિર્ધાર... એટલે જ....**

**નવગામ જ્ઞાતિજનોની, નવગામ જ્ઞાતિજનો માટેની,**

**નવગામ જ્ઞાતિજનોના સંપૂર્ણ સંચાલન હેઠળની.**

# "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)"